| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ : | ૦૩/૦૧/૨૦૨૦ | | |
| દાખલ તારીખ : | ૦૩/૦૧/૨૦૨૦ | | |
| ફેંસલ તારીખ : | ૨૦/૦૬/૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૬ | ૦૫ | ૧૭ |

**કોડીનારના એડી. ચીફ. જ્યુડીશીયલ સાહેબની કોર્ટમાં,**
**મુ.કોડીનાર, જી.ગીર સોમનાથ.**

**<u>ક્રિ.કેસ નં. ૦૪/૨૦૨૦</u>**
**આંક–**

શ્રી સ ર કા ર
કોડીનારના પો.સ્ટે. ગુ.ર.નં.–૧૨૦/૨૦૧૯
મુળ ફરીયાદી : સુલેમાનભાઇ હાસમભાઇ થારાઇ,
રહે. મુળ દ્વારકા હુસેની ચોક, તા. કોડીનાર, જી. ગીર સોમનાથ.

**..ફરીયાદી**

**: વિરૂધ્ધ :**

૧. અલ્તાફભાઇ હનીફભાઇ ઢોકી ઉ.વ.૨૮
૨. હાજીભાઇ હનીફભાઇ ઢોકી ઉ.વ.૨૨
૩. અશરફભાઇ હનીફભાઇ ઢોકી ઉ.વ.૨૪
૪. અનવરભાઇ ઉર્ફે હાથલો જાફરભાઇ લુચાણી **(એબેટ)**
૫. કાસમ ઉર્ફે કાસુભાઇજાફરભાઇ ઢોકી ઉ.વ.૩૫
૬. ઓસમાણભાઇ જાકુબભાઇ ઢોકી ઉ.વ.૪૦
૭. સલમાનભાઇ ગફુરભાઇ ઢોકી ઉ.વ.૨૪
૮. હનીફભાઇ જુસબભાઇ ઢોકી ઉ.વ.૫૦
૯. જેનુલભાઇ ઈશાભાઇ લુચાણી ઉ.વ.૨૨
૧૦. શબાના વા/ઓ કાસમ ઉર્ફે કાસુભાઇ જાફરભાઇ ઉ.વ.૩૨
૧૧. સોયબ ઉર્ફે અસ્લમભાઇ ઈબ્રાહિમભાઇ પટેલીયા
રહે.બધા. મુળ દ્વારકા,તા.કોડીનાર,જિ.ગીરસોમનાથ. **...આરોપીઓ**

**ગુન્હો :– ઈ.પી.કો.કલમ – ૩૨૬, ૩૨૪, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા GPA ક.૧૩૫ મુજબ..**

---

ફરીયાદપક્ષે વિદવાન મદદનીશ સરકારી વકીલ શ્રી એસ.બી.મલેક
આરોપીઓ તરફે વિદવાન વકીલ શ્રી એસ.વાય.સેલોત

---

## // ચુકાદો //

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે,"આરોપીઓએ ગઈ તા.૦૮/૦૭/૨૦૧૯ ના કલાક ૧૯/૦૦ વાગ્યાની આસપાસ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના હુસેની ચોકમા નાના છોકરાઓના ઝધડાનુ મનદુ:ખ રાખી આ તમામ આરોપીઓ એક સંપ કરી ગે.કા. મંડળી રચી લાકડાના ધોકાઓ, લોખંડના પાઈપો, કુહાડી, તલવાર જેવા પ્રાણધાત હથિયારો લઈને ઉભા હતા અને ફરી.એ આ.નં.૮ ને કહેલ કે તમારા દિકરા હાજીએ મારા ભત્રીજા નાજીર સાથે કેમ ઝધડો કરે છે. તેમ કહેતા આ બધા એકદમ ઉશ્કેરાઇ ગયેલ અને જેમ ફાવે તેમ ભુંડીગાળો આપી અને કહેલ કે આજે ઝધડોતો થશે, એમ કહી આ.નં.૪નાએ તેમના હાથમાની કુહાડી ફરી.ને મારતા જમણી આંખ નજીક કપાળ ઉપર લાગતા લોહી નિકળવા લાગેલ તથા આ.નં.૫ નાએ તેમના હાથમાના પાઇપ વડે શરીરે મારમારવા નીચે પડી જતા ફરી.ની પત્ની સોનબાઇબેન વચ્ચે પડતા આ.નં.૬નાએ પાઇપ મારતા ફરી.ની પત્નીને જમણા હાથની આંગળી તથા કમરના ભાગે ઈજા થયેલ તથા આ.નં.૭નાએ પણ તેમના હાથમાના પાઇપ વડે ફરી.ને માર મારેલ તે વખતે સા.નં.૧૩,૧૫,૧૦,૯ વાળાઓ વચ્ચે પડતા આ.નં.૨નાએ લોખંડના પાઈપ તથા આ.નં.૧,૩નાએ લાકડાના ધોકા વડે સા.નં.૧૫ ને શરીરે આડેધડ મારમારવા લાગેલ તથા આ.નં.૮નાએ તલવાર માથાના ભાગે ઘા મારેલ આ.નં.૭ નાએ સા.૧૦ને માથામા પાઇપ મારેલ તથા આ.નં૧૧ ના હાથમા લોખંડનો પાઇપ તથા આ.નં.૯,૧૦ નાઓલાકડાના ધોકાઓ લઈને જેમ ફાવેતેમ ભુંડી ગાળો આપી.ફરિ.તથા સાહેદોને શરીરે માર-મારી ગંભીર ઈજા પહોંચાડી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી મ્હે.જીલ્લા મેજી.સા.ના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ હોવા સંદર્ભે ફરીયાદીની ફરીયાદ આધારે હાલના આરોપીઓ વિરૂધ્ધ કોડીનાર પોલીસ સ્ટેશનમાં ગુના રજી.નં.-૧૨૦/૨૦૧૯ થી ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર પોલીસ અમલદારે તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ -૩૨૬, ૩૨૪, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા GPA ક.૧૩૫ મુજબના ગુન્હાનું ચાજર્શીટ કેસ નં. ૦૪/૨૦૨૦ થી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે."

**(૨)** આ કામના આરોપીઓને ધોરણસરના પ્રોસેસ ઈશ્યુ કરતા હાજર થયેલ છે,જેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ **આંક– ૧૬** થી તહોમતનામુ તથા **આંક: ૦૫** થી **આંક:૧૫** સુધીની પ્લી નોંધવામાં આવતા આરોપીઓએ પોતાની વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલ છે.

**(૩)** ત્યારબાદ ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલા છે:

| **મૌખીક પુરાવાઓ :–** | |
|---|---|
| **આંક** | **વિગત** |
| ૬૪ | સાહેદ : લતીફભાઇ જાકુબભાઇ ખારાઇની જુબાની |
| ૬૫ | ફરીયાદી :સુલેમાનભાઇ હાસમભાઇ ખારાઇની જુબાની |
| ૬૬ | સાહેદ : સોનબાઇ સુલેમાનભાઇ ખારાઇની જુબાની |
| ૬૮ | સાહેદ : વસીમભાઇ હનીફભાઇ ખારાઇની જુબાની |
| ૬૯ | સાહેદ : અનવરભાઇ અલ્લારખા ઈસ્માનીની જુબાની |
| ૭૦ | સાહેદ : સાબેરાબેન અયુબભાઇ ખારાઇની જુબાની |
| ૭૧ | સાહેદ : નઝરભાઇ ઈસ્માઈલ ખારાઇની જુબાની |

| **દસ્તાવેજી પુરાવાઓ :–** | |
|---|---|
| **આંક** | **વિગત** |
| | ફરીયાદ |
| ૭૨ થી ૭૯ | એમ.એલ.સી. |
| ૮૦ | જાહેરનામુ |
| ૮૧ | કલોઝિંગ પુરશીશ |

ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ તેમનો પુરાવો ધ્યાને લેતા આરોપીઓને સંડોવણી કરતો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૪)** આ કામે આખરી ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે:

**–:: મુદ્દા ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ગઈ તા.૦૮/૦૭/૨૦૧૯ ના કલાક ૧૯/૦૦ વાગ્યાની આસપાસ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના હુસેની ચોકમા નાના છોકરાઓના ઝધડાનુ મનદુ:ખ રાખી આ તમામ આરોપીઓ એક સંપ કરી ગે.કા. મંડળી રચી લાકડાના ધોકાઓ, લોખંડના પાઇંપો, કુહાડી, તલવાર જેવા પ્રાણધાત હથિયારો લઇને ઉભા હતા અને ફરી.એ આ.નં.૮ ને કહેલ કે તમારા દિકરા હાજીએ મારા ભત્રીજા નાજીર સાથે કેમ ઝધડો કરે છે. તેમ કહેતા આ બધા એકદમ ઉશ્કેરાઇ ગયેલ અને જેમ ફાવે તેમ ભુંડીગાળો આપી અને કહેલ કે આજે ઝધડોતો થશે, એમ કહી આ.નં.૪નાએ તેમના હાથમાની કુહાડી ફરી.ને મારતા જમણી આંખ નજીક કપાળ ઉપર લાગતા લોહી નિકળવા લાગેલ તથા આ.નં.પ નાએ તેમના હાથમાના પાઇપ વડે શરીરે મારમારવા નીચે પડી જતા ફરી.ની પત્ની સોનબાઇબેન વચ્ચે પડતા આ.નં.૬નાએ પાઇપ મારતા ફરી.ની પત્નીને જમણા હાથની આંગળી તથા કમરના ભાગે ઈજા થયેલ તથા આ.નં.૭નાએ પણ તેમના હાથમાના પાઇપ વડે ફરી.ને માર મારેલ તે વખતે સા.નં.૧૩,૧૫,૧૦,૯ વાળાઓ વચ્ચે પડતા આ.નં.૨નાએ લોખંડના પાઇપ તથા આ.નં.૧,૩નાએ લાકડાના ધોકા વડે સા.નં.૧૫ ને શરીરે આડેધડ મારમારવા લાગેલ તથા આ.નં.૮નાએ તલવાર માથાના ભાગે ઘા મારેલ આ.નં.૭ નાએ સા.૧૦ને માથામા પાઇપ મારેલ તથા આ.નં૧૧ ના હાથમા લોખંડનો પાઇપ તથા આ.નં.૯,૧૦ નાઓલાકડાના ધોકાઓ લઇને જેમ ફાવેતેમ ભુંડી ગાળો આપી.ફરિ.તથા સાહેદોને શરીરે માર–મારી ગંભીર ઈજા પહોંચાડી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી મ્હે.જીલ્લા મેજી.સા.ના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી

ગુન્હો કરી ભારતીય દંડ સંહિતાની કલમ –૩૨૬, ૩૨૪, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા GPA ક.૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૫) મુદ્દા અંગેના નિર્ણય ::–

મુદ્દા નં.૧ નો જવાબ : નકારમાં

મુદ્દા નં. ૨ નો જવાબ : આખરી હુકમ મુજબ.

**<u>–: મુદ્દાઓના નિર્ણય માટેના કારણો :–</u>**

**<u>મુદ્દા નં. ૧:–</u>**

(૬) ફરિયાદપક્ષ તરફે પોતાના કેસની સાબીતી માટે થઈને ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા, સાહેદ લતીફભાઈ જાકુબભાઇ ખારાઇને આંક–૬૪ થી તપાસેલા છે, તેઓએ પોતાની કોર્ટ રુબરુની જુબાનીમાં જણાવેલ છે કે,"બનાવ આશરે પાંચ છ વર્ષ બનેલો. બનાવના દિવસે હુ તથા મારા ભાભી તથા મારા ભાઈ સુલેમાન તથા અનવર તથા વસીમ રીક્ષા લઈ કોડીનાર જવા નીકળેલા તે વખતે અમારી રીક્ષા મુળધ્વારકા ઝાપા બહાર હનીફભાઈના મો.સા. સાથે ભટકાતા અને અમારી રીક્ષા પલ્ટી ખાચ ગચેલી જેથી અમારે તથા હનીફભાઈને સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાઈ બનેલ નહી. રીક્ષા પલ્ટી ખાતા મને તથા મારી પત્ની તથા મારાભાઈઓને વાગેલું બીજુ કાઈ બનેલ નહી. બનાવની ફરીચાદ મારા પતિએ આપેલ. પોલીસે મારો જવાબ લીધેલો." હાલના સાહેદને વિ.એ.પી.શ્રી એ ફરી ગચેલ જાહેર કરેલ છે.ત્યારબાદ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે,આરોપીઓએ અમને કોઈ માર મારેલ નથી, ગાળો બોલેલ નથી, કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીઓના હાથમા મે કોઈ હથિચાર જોચેલ નથી.

(૭) ફરીયાદપક્ષ તરફે આંક–૬૫ થી ફરીયાદી સુલેમાનભાઇ હાસમભાઇ ખારાઇને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,"બનાવ આશરે પાંચ છ વર્ષ બનેલો. બનાવના દિવસે હું તથા

મારી પત્ની મારો ભાઈ લતીફ તથા અનવર તથા વસીમ રીક્ષા લઈ કોડીનાર જવા નીકળેલા તે વખતે અમારી રીક્ષા મુળધ્વારકા ઝાપા બહાર હનીફ ભાઈ ના મો.સા. સાથે ભટકાતા અને અમારી રીક્ષા પલ્ટી ખાય ગયેલી જેથી અમારે તથા હનીફભાઈને સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાઈ બનેલ નહી. રીક્ષા પલ્ટી ખાતા મને તથા મારી પત્ની તથા મારાભાઈઓને વાગેલું બીજુ કાઈ બનેલ નહી. બનાવની મે ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામા આવે છે જેમા મારા અંગુઠાનું નિશાન છે જે હું ઓળખુ છુ જે રજુ દા.આંક..”હાલના સાહેદને વિ.એ.પી.શ્રી એ ફરી ગયેલ જાહેર કરેલ છે.ત્યારબાદ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે,આરોપીઓએ અમને કોઈ માર મારેલ નથી, ગાળો બોલેલ નથી, કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીઓના હાથમા મે કોઈ હથિયાર જોયેલ નથી.

(૮) ફરીયાદપક્ષ તરફે આંક–૬૬ થી સાહેદ સોનબાઈ સુલેમાનભાઈ ખારાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,”બનાવ આશરે પાંચ છ વર્ષ બનેલો. બનાવના દિવસે હું તથા મારા પતી લતીફ તથા અનવર તથા વસીમ રીક્ષા લઈ કોડીનાર જવા નીકળેલા તે વખતે અમારી રીક્ષા મુળધ્વારકા ઝાપા બહાર હનીફ ભાઈ ના મો.સા. સાથે ભટકાતા અને અમારી રીક્ષા પલ્ટી ખાય ગયેલી જેથી અમારે તથા હનીફભાઈને સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાઈ બનેલ નહી. રીક્ષા પલ્ટી ખાતા મને તથા મારી પત્ની તથા મારાભાઈઓને વાગેલું બીજુ કાઈ બનેલ નહી. બનાવની મારા પતીએ ફરીયાદ આપેલી. પોલીસે મારો જવાબ લીધેલો.”હાલના સાહેદને વિ.એ.પી.શ્રી એ ફરી ગયેલ જાહેર કરેલ છે. ત્યારબાદ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે,આરોપીઓએ અમને કોઈ માર મારેલ નથી, ગાળો બોલેલ નથી, કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીઓના હાથમા મે કોઈ હથિયાર જોયેલ નથી.

(૯) ફરીયાદપક્ષ તરફે આંક–૬૮ થી સાહેદ વસીમભાઇ હનીફભાઇ ખારાઇ તથા આંક–૬૯ થી સાહેદ અનવરભાઇ અલ્લારખા ઈસ્માની તથા આંક–૭૦ થી સાબેરાબેન અયુબભાઇ ખારાઇ તથા આંક–૭૧ થી નઝરભાઇ ઈસ્માઇલ

ખારાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,"બનાવ આશરે પાંચ છ વર્ષ બનેલો. બનાવના દિવસે અમારે તથા હનીફભાઈને સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાઈ બનેલ નહી. રીક્ષા પલ્ટી ખાતા અમને વાગેલુ બીજુ કાઈ બનેલ નહી. પોલીસે મારો જવાબ લીધેલો."હાલના સાહેદોને વિ.એ.પી.શ્રી એ ફરી ગયેલ જાહેર કરેલ છે.ત્યારબાદ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે,આરોપીઓએ અમને કોઈ માર મારેલ નથી, ગાળો બોલેલ નથી, કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીઓના હાથમા અમે કોઈ હથિયાર જોયેલ નથી.

(૧૦) ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા ફરિયાદીએ ફરિયાદમાં આ કામના તમામ આરોપીઓએ એકસંપ કરી ગેરકાયદેસર મંડળી રચી લાકડાના ધોકાઓ, લોખંડના પાઈપો, કુહાડી, તલવાર જેવા પ્રાણઘાતક હથિયારો વડે હુમલો કરી ફરિયાદી તથા સાહેદોને માર મારી ગંભીર ઈજા પહોંચાડી ભૂંડી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરેલ હોવાની હકીકત જણાવેલ છે. જયારે કે ફરિયાદીનો નામદાર કોર્ટ સમક્ષનો પુરાવો ધ્યાને લેતા જણાય છે કે, બનાવના દિવસે હું તથા મારી પત્ની મારો ભાઈ લતીફ તથા અનવર તથા વસીમ રીક્ષા લઈ કોડીનાર જવા નીકળેલા તે વખતે અમારી રીક્ષા મુળધ્વારકા ઝાપા બહાર હનીફ ભાઈ ના મો.સા. સાથે ભટકાતા અને અમારી રીક્ષા પલ્ટી ખાય ગયેલી જેથી અમારે તથા હનીફભાઈને સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાઈ બનેલ નહી. રીક્ષા પલ્ટી ખાતા મને તથા મારી પત્ની તથા મારાભાઈઓને વાગેલું બીજુ કાઈ બનેલ નહી. ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે,આરોપીઓએ અમને કોઈ માર મારેલ નથી, ગાળો બોલેલ નથી, કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. આરોપીઓના હાથમા મે કોઈ હથિયાર જોયેલ નથી. આમ,ફરિયાદીએ તેમની ફરિયાદની હકીકતને તેમના પુરાવાથી સમર્થન આપેલ નથી.

ફરિયાદપક્ષ તરફે તપાસવામાં આવેલા અન્ય સાહેદોના મૌખિક પુરાવાઓનું મૂલ્યાંકન કરતા જણાય છે કે તેઓએ પણ એવી સરખી હકીકતો જણાવેલ છે કે બનાવના દિવસે તેમની રીક્ષા મુળધ્વારકા ઝાપા બહાર હનીફ ભાઈ ના મો.સા. સાથે ભટકાતા અને રીક્ષા પલ્ટી ખાય ગયેલી જેથી તેઓને તથા હનીફભાઈ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાઈ બનેલ નહી. રીક્ષા પલ્ટી ખાતા તેઓને વાગેલું બીજુ કાઈ બનેલ નહી. આ તમામ સાહેદોએ તેમની ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકારેલ છે કે આરોપીઓએ અમને કોઈ માર મારેલ નથી, ગાળો બોલેલ નથી, કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી અને આરોપીઓના હાથમા તેઓએ કોઈ હથિયાર જોયેલ નથી. આમ, ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપીએ ભયંકર હથિયાર વડે ફરિયાદી તથા સાહેદોને માર મારી સ્વૈચ્છાપૂર્વક ગંભીર ઈજા કરેલ હોય તેવો કોઈ પુરાવો ફરિયાદ પક્ષના સાહેદો ઉપરથી જણાઈ આવતો ન હોય. ફરિયાદપક્ષ આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૪,૩૨૩,૩૨૬, મુજબનો આક્ષેપ સાબીત કરતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આથી ફરિયાદપક્ષ આક્ષેપિત કલમો મુજબના ગુન્હાની હકીકતો સાબીત કરવામાં સફળ રહેલ નથી. આરોપીઓ વિરૂધ્ધ ગેરકાયદેસર મંડળી રચી હુમલો કરવાનો આરોપ રહેલો છે પરંતુ ફરિયાદી તથા સાહેદોના પુરાવાઓ ધ્યાને લેતા આરોપીઓએ એકસંપ કરી કોઈ ભયંકર હથિયાર વડે ફરિયાદી અને સાહેદોને માર મારી, ઈજા પહોંચાડેલ હોવા બાબતે પણ કોઈ પુરાવો રજુ થયેલ નથી. તેથી ફરિયાદપક્ષ દવારા કલમ-૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ મુજબના ગુન્હાની હકીકતો સાબીત કરવામાં સફળ રહેલ નથી.

(૯) આ કામે ફરિયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. ક. ૫૦૪ મુજબનો આક્ષેપ કુરેલ છે. ઈ.પી.કો.ક. ૫૦૪ ની વ્યાખ્યા ધ્યાને લેતા Whoever intentionally insults. and thereby gives provocation to any person. intending or knowing it to be

likely that such provocation will cause him to break the public peace. or to commit any other offence shall be punished with imprisonment of either description for a term which may extend to two years. or with fine, or with both.

નામદાર અલ્હાબાદ હાઈકોર્ટેએ Jodh singh V/sState of U. P.1991 3226 (Allahabad High Court)"The provision of section 504, I.P.C. are attracted only when, first, the accused insults the complainant, secondly, the insult must be of such a nature that it should be a provocation to the complainant : and thirdly that accusal intended or knew that the provocation was likely to case the complainant to either break public peace or commit any other offence. Futher in a complaint u/s 504, I.P.C. the complainant mention the actual words which were used by the accused while insulting him/her, other wise court will not have enough material before it to come to a conclusion whether the words use by accused amounted to intentional insult. Where the only allegation in the complaint is that where the complainant resisted the attempts by the accused to evict her forcibly from the land in her tenancy, the accused person abused her in filthy words but neither the complainant has given out the actual words in her complaint which were said to have being used by accused nor she has stated in her complaint that she was provoked by the insulting abuse the accused could not be summonsed for the offence u/s 504 of I.P.C.

હાલના ચુકાદામાં પ્રસ્થાપીત કુરેલ સિધ્ધાંત ઘ્યાને લેતા માત્ર ગાળો બોલવાનો આક્ષેપ કુરેલ છે. પરંતુ ૫૦૪ આઈ.પી.સી.નો ગુનો બનાવા માટે જે તત્વોની જરુર પડે તે કોઈ હકીકત ફરિયાદીએ તેની ફરિયાદ માં કે સાહેદે તેની જુબાનીમાં જણાવેલ નથી. ફરિયાદીએ માત્ર તેની ફરિયાદમાં ગાળો બોલેલ ની હકકીત જણાવેલ છે પરંતુ તેના શબ્દો શુ હતા તેની હકીકત જણાવેલ નથી. ફરિયાદીએ તેની ફરિયાદમાં આરોપીઓએ તેમને ઈરાદા પુર્વક ઈન્સલ્ટ કુરેલ હોય અને જે ઈન્સલ્ટથી પ્રવોકેશન થશે તેવો તેનો ઈરાદો હોય અને તે તેની જાણમાં હોય અને જેથી જાહેર શાંન્તીનો ભંગ થયેલ હોય તેવો કોઈ પુરાવો આપેલ નથી. જેથી કૃરિયાદી આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૫૦૪ મુજબનો ગુનો સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૬) ફરીયાદીએ આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૫૦૬(૨) મુજબનો આક્ષેપ કરેલ છે. જે ધ્યાને લેતા Whoever commits the offence of criminal intimidation shall be punished with imprisonment or either descriptio for a term which may extend to two years. or with fine, or with both: If thereat be to cause death, or grievous hurt, etc. And if the threat be to cause death or grievous hurt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishable with death or imprisonment for life or with imprisonment for a term which may extend to seven years, or to impute unchastity to a woman, shall be punished with iprisonment of either description for a term which may extend to seven years, or with fine. or with both.

Subramaniam Swamy (Dr.) V/s/ State 2001 CrL] Noc 48 (Mad.)

The accused had only given the threats to cause death or grievous hurt but did not act in pursuance

thereof. It was had that offence of criminal intimidation was not made out and the accused would be entitled to the acquittal.

નામદાર મદ્રાસ હાઈકોર્ટે ઉપરોકત ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે . કે માતૃ આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી કે ગંભીર પ્રકારની ઈજાની ધમકીના આધારે ક્રિમીનલ ઈન્ટીમીડેશન નો ગુનો બનતો નથી. હાલના કેસમાં ફરીયાદીએ માત્ર આરોપીઓ વિરુધ્ધ જાનથી મારી નાખવાની ધમકી આપેલ તેવો માત્ર આક્ષેપ ફરેલ છે. માત્ર આક્ષેપ કરવાથી ૫૦૬(૨) મુજબનો ગુનાની સાબીતી માની શકાય નહી.

**(૧૭)** વધુમાં હાલના કામે આરોપીઓની સામે આક્ષેપ કરવામાંઆવેલ અને આરોપીઓની સામે કરવામાં આવેલ ચાર્જ બાબતેની બોમ્બે (ગુજરાત) પોલીસ એકટની કલમુ–૧૩૫ની સાબીત અર્થે ચર્ચા કરીએ તો કલમ–૧૩૫ નીચે મુજબ વર્ણવી શકાય.

<u>કલમ;–૧૩૫ કલમ–૩૭,૩૯ અથવા ૪૦ મુજબના નિયમો અથવા હૂકમોનું ઉલ્લઘન કરવા બદલ શિક્ષા:–</u>

" કલમો ૩૭, ૩૯ અથવા ૪૦ મુજબ ફાયદેસર રીતે કરવામાં આવેલા કોઈ પણ હુકમનું પાલન કરનાર અથવા તેનુ પાલન ન કરવામાં ફોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, નીચે મુજબની . શિક્ષા થશે.

(૧) જે હુકમનું પાલન ન કરવામાં આવ્યુ અથવા જેનું પાલન ન કરવામાં મદદ કરવામાં આવી હોય તે હુકમો જો કલમ–૩૭ની પેટા કલમ (૧) મુજબ અથવા કલમ–૩૯ અથવા કલમ–૪૦ મુજબ કરવામા આવ્યોહોય તો તેને એક વર્ષની મુદત સુધીની કેદની, પરંતુ તે શિક્ષા લેખિત કારણ આપ્યા હોય તે સિવાય, ચાર મહિનાની મુદતથી ઓછી હોવી જોઈએ નહી અને તે દંડને પણ પાત્ર થશે અને

(૨) સદરહુ કલમ–૩૭ ની પેટા કલમ–(૨) મુજબ કરવામાં આવ્યો હોય તો એક મહીના સુધીની મુદતની કેદની અથવા સો રૂપિયા સુધીની દંડની, અને

(૩) જો સદરહુ કલમ–૩૭ની પેટા કલમ–(૩) મુજબ કરવામાં આવ્યો હોય તો, સો રૂપિયા સુધીના દંડની...

આથી ઉપરોકત મુજબની કાયદાકીય જોગવાઈઓ નજર સમક્ષ રાખીને હાલના કામે રેકર્ડ પર આવેલા પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, હાલના કામે મહે,જીલ્લા મેજી,સાહેબશ્રીનું જાહેરનામું રજુ કરવામાં આવેલ નથી. જેથી હાલના કામે સદર જાહેરનામું સાબિત કરવાની રીતે જે ગુજરાત પોલીસ એકટ (જુનો બોમ્બે પોલીસ એકટ) ની કલમ–૧૫૫માં કરવામાં આવેલી છે તે મુજબ ''આ અધિનિયમની કોઈ જોગવાઈ મુજબ પ્રસિધ્ધ કરેલો અથવા કાઢેલો કોઈ હુકમ અથવા જાહેરનામું સાબિત કરવુ હોય ત્યારે એવા હુકમ અથવા કોઈ એવા હુકમની અથવા જાહેરનામાંની રાજપત્રમાંની એક નકલ હાજર કરીને અથવા અધિકારીએ તેમાં સહી કરી પ્રમાણપત્ર લખ્યુ હોય તેની ખરી નકલ રજુ કરીને સાબિત કરવાનો અધિકાર છે તે બાબતે ફરિયાદપક્ષ તરફે બનાવના દિવસે જાહેરનામું અમલવારીમાં હતુ કે કેમ તે દર્શાવતો કોઈ પુરાવો રજુ રાખેલ નથી, જીલ્લા મેજી,કચેરી દવારા બી.પી.એકટની કલમ–૩૭(૧) અન્વયે સબંધીત જીલ્લા મેજી. કચેરીનાઓનું જાહેરનામું આ કામે રજુ થયેલ છે દલીલ ખાતર એમ માની લેવામાં આવે કે જાહેરનામું અમલમાં હતુ તો બનાવના સ્થળે અને સમયે બોમ્બે પોલીસ એકટની કલમ–૩૭ની જોગવાઈ મુજબ, યોગ્ય રીતે પ્રસિધ્ધી (Public promulgation) થયેલ હતી કે કેમ? તે હકીકત ફરિયાદપક્ષે રેકર્ડ ઉપરથી પુરવાર થયેલ નથી, કારણ કે બોમ્બે પોલીસ એકટની કલમ–૩૭ ની જોગવાઈ ધ્યાને લેતા તે કલમ હેઠળ બહાર પાડવામાં આવેલ જાહેરનામાની તે જોગવાઈમાં જણાવ્યા મુજબ સાર્વજનીક ઘોષણા (Public promulgation) થવી જરૂરી છે, અને તે સાર્વજનિક ઘોષણાની હકીકત જો રેકર્ડ પરથી સાબિત ન થાય તો, તેવા જાહેરનામાના ભંગ માટે સાર્વજનિક ઘોષણાનું અનુમાન માત્ર તે રજુ થયેલ જાહેરનામાના આધારે આરોપીઓને બોમ્બે પોલીસ એકટની કલમ–૧૩૫ ના ગુન્હા માટે તકશીરવાન ઠરાવી શકાય નહી.

(૧૦) આમ ઉપર કુરેલ ચર્ચા મુજબ રેકર્ડ ઉપરની હકીકતો અને ફરિયાદપક્ષના પડેલ પુરાવાઓનુ વિશ્લેષણ કરતા ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેવુ માનવાને કારણ રહે છે. જેથી પડેલ પુરાવા આધારે આરોપીઓ વિરુધ્ધના કુરિયાદ મુજબના આક્ષેપો લેશમાત્ર પુરવાર થતા ન હોય, મુદા નં.૧ નો નિર્ણય નુકારમાં આપી મુદા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આ ખ રી હુ ક મ :-**

| | |
|---|---|
| ૧ | આ કામના આરોપીઓને સી.આર.પી.સી.ની કલમ-૨૪૮ (૧) અન્વયે, આઈ.પી.સી.ની કલમ **૩૨૬, ૩૨૪, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા GPA ક.૧૩૫** મુજબ ના ગુનામાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. |
| ૨ | આરોપીઓના જામીન બોન્ડ અપીલ પીરીયડ સુધી ક્રી.પો.કોડની કલમ-૪૩૭(એ) અન્વયે લંબાવવાનો હુકમ કરવામાં આવે છે. |

હુકમ આજ તારીખ : ૨૦, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૨૦/૦૬/૨૦૨૬
મુકામ : કોડીનાર

**(પઠાણ સજ્જાદ હુસેનસગીરખાન)**
એડી. ચીફ. જયુડી.મેજી., કોડીનાર
જજ કોડ નં. જીજે ૦૧૨૭૩